દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૮ માર્ચ, ૨૦૨૬

# ન્યૂયોર્કનો મેયર નક્કી નહીં કરી શકનાર ટ્રમ્પ ભારતની નિતી કેવી રીતે નક્કી કરી શકે

ટ્રમ્પ જ્યારથી અમેરિકાના બીજી ટર્મના પ્રેસિડેન્ટ બન્યા છે ત્યારથી જ તેઓ તેવું માની રહ્યાં છે કે, તેઓ માત્ર અમેરિકાના નહીં આખી દુનિયાના પ્રેસિડેન્ટ છે. ભારત જાણે તેમના તાલે નાચતો હોય તેવું વર્તન તેઓ કરી રહ્યાં છે અને જાણે કોઇ ઉપકાર કર્યો હોય તેમ એક મહિના માટે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાની છૂટ આપી છે તેવી જાહેરાત કરી છે. સાચી વાત એ છે કે, જે માણસ અમેરિકાના ન્યૂયોર્કનો મેયર નક્કી નથી કરી શકતો તે ભારત જેવી વિશ્વની સૌથી મોટી લોકશાહીના નિર્ણય કેવી રીતે લઇ શકે ? બે મહિના પહેલા અમેરિકાના ન્યૂયોર્ક શહેરની મેયરપદની ચૂંટણીમાં ડેમોક્રેટિક સોશિયાલિસ્ટ પાર્ટીના ઉમેદવાર ભારતીય મૂળના ઝોહરાન મમદાનીએ ઐતિહાસિક જીત મેળવી છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આકરા વિરોધ અને ટીકાઓ છતાં મમદાનીએ પૂર્વ ગવર્નર અને અપક્ષ ઉમેદવાર એન્ડ્રયુ કુઓમો તથા રિપબ્લિકન ઉમેદવાર કર્ટિસ સ્લીવાને હરાવીને અમેરિકાના સૌથી મોટા શહેરનું નેતૃત્વ પોતાના હાથમાં લઈ લીધું છે. આ સાથે મમદાની ન્યુયોર્કના પ્રથમ ભારતીય અમેરિકન મુસ્લિમ મેયર બની ગયા છે. ઝોહરાન મમદાની ભારતીય મૂળના પ્રથમ મુસ્લિમ મેયર છે. તેઓ ફિલ્મ મેકર મીરા નાયરના પુત્ર છે. આ ચૂંટણીમાં તેમને 50%થી વધુ વોટ મળ્યા હતા. જ્યારે ન્યુયોર્કના પૂર્વ ગવર્નર અને અપક્ષ ઉમેદવાર એન્ડ્રુ કુઓમોને 41% તથા રિપબ્લિકન નેતા કર્ટિસ સ્લિવાને 7.3% જ વોટ મળ્યા હતા. આ ચૂંટણીને ડોનાલ્ડ ટ્રમ્પ પછીના યુગની પ્રથમ મોટી રાજકીય પરીક્ષા માનવામાં આવી રહી હતી. ન્યૂયોર્કના ચૂંટણી બોર્ડના જણાવ્યા અનુસાર, આ વખતે 20 લાખથી વધુ મતદારોએ મતદાન કર્યું હતું, જે 1969 પછીની મેયરપદની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન છે. આ રેકોર્ડબ્રેક મતદાનને કારણે એન્ડ્રયુ કુઓમોના સમર્થકો ચિંતિત હતો. 34 વર્ષીય ઝોહરાન મમદાનીએ આર્થિક અસમાનતાને દૂર કરવા માટે ક્રાંતિકારી ફેરફારોની હિમાયત કરી છે. તેમના પ્રેરણાદાયક દ્રષ્ટિકોણ અને નીડર એજન્ડાએ ન્યૂયોર્કના હજારો યુવા સમર્થકોને તેમની તરફેણમાં કર્યા છે. મમદાનીના અચાનક ઉભારે શહેરના ધનિક વર્ગને ચોંકાવી દીધો છે. મમદાનીને તેમની ચૂંટણી ઝુંબેશમાં અમેરિકાના પ્રગતિશીલ રાજકારણના મોટા ચહેરાઓ જેવા કે સેનેટર બર્ની સેન્ડર્સ અને પ્રતિનિધિ એલેક્ઝાન્ડ્રિયા ઓકાસિયો-કોર્ટેઝનું પણ સમર્થન મળ્યું હતું. આ જીત સાથે, ઝોહરાન મમદાની ન્યૂયોર્કમાં ડેમોક્રેટ્સના નવા અને ઉભરતા સ્ટાર તરીકે સ્થાપિત થયા છે, જે અમેરિકન રાજકારણમાં સંભવિત મોટા ફેરફારોના સંકેત આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે મમદાનીને વારંવાર "કોમ્યુનિસ્ટ" અને "કટ્ટર સમાજવાદી" ગણાવ્યા હતા, જ્યારે મમદાની પોતાને ડેમોક્રેટિક સોશિયાલિસ્ટ તરીકે ઓળખાવે છે. ટ્રમ્પે ધમકી આપી હતી કે જો મમદાની જીતશે તો તેઓ અમેરિકન પ્રમુખ તરીકે ન્યૂયોર્ક શહેરને મળતું ફેડરલ ફંડિંગ (કેન્દ્રીય ભંડોળ) ઘટાડી નાખશે, કારણ કે તેમના મતે મમદાની શહેરને વિનાશ તરફ લઈ જશે. મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધની ઝાળ હવે ભારતને દઝાડી રહી છે. મધ્ય-પૂર્વમાં યુદ્ધ પછી દુનિયામાં ક્રૂડ ઓઈલનું સંકટ ઘેરું બની રહ્યું છે અને ભારતમાં પણ ક્રૂડ ઓઈલના પુરવઠાની સમસ્યા જોવા મળી શકે છે. આવા સમયે ભારતને ક્રૂડ ઓઈલની જરૂરિયાત પૂરી કરવા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સરકારને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી માટે 30 દિવસની અસ્થાયી છૂટ આપી છે. જોકે, હવે રશિયાએ ભારત તરફથી મોં ફેરવી લીધું હોય તેમ જણાય છે. રશિયાએ ભારતને ક્રૂડ ઓઈલની ખરીદી પર વિશેષ ડિસ્કાઉન્ટ આપવાનો ઈનકાર કરી દીધો છે. મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે ઈરાને દુનિયાના ક્રૂડ ઓઈલનો સૌથી મહત્વનો માર્ગ એવી હોર્મુઝની ખાડીમાં ઓઈલ ટેન્કર લઈ જતા જહાજોના પરિવહન પર પ્રતિબંધ મૂકી દીધો છે. ઈરાને છેલ્લા કેટલાક દિવસમાં અમેરિકા સહિત અનેક દેશોના ઓઈલ ટેન્કર પર હુમલા કર્યા છે. વધુમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધના કારણે હોર્મુઝની ખાડીમાં ૧,૦૦૦થી વધુ ક્રૂડ ઓઈલના ટેન્કરો ફસાઈ ગયા છે, જેથી ભારત સહિત વિશ્વભરમાં ક્રૂડ ઓઈલની અછતનું સંકટ સર્જાવાનું જોખમ છે. ભારત માટે ખાડી દેશોમાંથી ક્રૂડ ઓઈલની આયાત મુશ્કેલ બની ગઈ છે ત્યારે તેણે ફરી એક વખત ક્રૂડ ઓઈલની ખરીદી માટે રશિયા તરફ નજર દોડાવી હતી. જોકે, ભારત સરકારને અમેરિકન પ્રતિબંધોનો ડર હતો. મધ્ય-પૂર્વમાં યુદ્ધ વધુ ભયાનક બની રહ્યું છે ત્યારે વૈશ્વિક ઊર્જા બજારોને સ્થિર રાખવાના પ્રયાસ તરીકે અમેરિકાએ ભારતને રશિયા પાસેથી 30 દિવસ માટે ક્રૂડ ઓઈલની ખરીદી કરવાની મંજૂરી આપી છે. અમેરિકન વિદેશ મંત્રી બેસેન્ટે ભારતને અમેરિકાનું ભાગીદાર ગણાવતા સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું કે, પ્રમુખ ટ્રમ્પના ઊર્જા એજન્ડાના પરિણામે ક્રૂડ અને ગેસ ઉત્પાદન અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયું છે. ટ્રમ્પ એટલા વિવાદીત માણસ છે કે, તેમને સતત સાથ આપનારા એલોન મસ્ક સાથે પણ તેમને વિવાદ થયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇલોન મસ્ક વચ્ચે બે-ત્રણ કારણોથી વિવાદ શરૂ થયો છે. ઇલોન મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પના ટેક્સ અને ખર્ચના બિલનો ઉગ્ર વિરોધ કર્યો છે અને કહ્યું છે કે આ બિલ પસાર થશે તો અમેરિકા નાદાર થઈ જશે. ત્યાર પછી એક સોશિયલ મીડિયા પોસ્ટમાં મસ્કે દાવો કર્યો છે કે ડોનાલ્ડ ટ્રમ્પનું નામ એક વિવાદાસ્પદ ફાઇનાન્સિયર જેફ્રી એપસ્ટેઇનની ફાઇલમાં આવ્યું છે. જેફ્રી એપસ્ટેઇન સામે જાતીય ગુનાના કેસ થયા હતા. ઇલોન મસ્કે કોઈ પુરાવા નથી આપ્યા, પરંતુ ટ્રમ્પ સાથે તેમનો વિવાદ વકર્યો છે. ટ્રમ્પે પણ મસ્કને વળતો જવાબ આપતા કહ્યું છે કે ઇલોન અને મારી વચ્ચે બહુ સારા સંબંધ હતા, પરંતુ હવે સંબંધ રહેશે કે નહીં તેની ખબર નથી." તેમણે મસ્કની કંપનીઓને મળેલા સરકારી કોન્ટ્રેક્ટ પણ રદ કરવાની ધમકી આપી છે. ઇલોન મસ્કની કંપનીને મળેલા ફેડરલ કોન્ટ્રાક્ટ રદ થાય તો તેમના સ્પેસએક્સ પ્રોગ્રામને મોટો ફટકો પડવાની શક્યતા છે. ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા વેબસાઇટ પર ધમકીભરી ભાષામાં લખ્યું હતું કે, 'અમારા બજેટમાં અબજો ડૉલર બચાવવાનો એક સૌથી સરળ રસ્તો એ છે કે ઇલોનને મળેલી સબસિડી અને કોન્ટ્રાક્ટ રદ કરી દેવામાં આવે.' વેનેઝુએલા માટે પણ તેમણે એવુ જ કર્યું હતું.છેલ્લા કેટલાક મહિનાથી અમેરિકા દ્વારા સૈન્ય દૃષ્ટિએ વેનેઝુએલા સામે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું હતું, એવામાં શનિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો તથા તેમનાં પત્નીને અમેરિકાના વિશેષદળોએ પકડી લીધાં હતા. માદુરો તથા તેમનાં પત્ની ક્યાં છે તેના વિશે અમેરિકાએ કોઈ સ્પષ્ટતા નથી, કરી છતાં એવું માનવામાં આવે છે કે તેમને અમેરિકા લઈ જવાયાં છે. વેનેઝુએલાની સરકારે રાષ્ટ્રપતિ અને તેમનાં પત્ની વિશે ભાળ નહીં મળી રહી હોવાની વાત સ્વીકારી છે તથા તેમની હયાતીના પુરાવા માંગ્યા છે.બીજી બાજુ, વેનેઝુએલાના નેતૃત્વે નાગરિકોને શાંતિ જાળવવા, નેતૃત્વ તથા સેના ઉપર વિશ્વાસ રાખવા આહ્વાન કર્યું છે. માદુરોની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ, ગૃહ મંત્રી તથા સંરક્ષણ મંત્રીને સર્વોચ્ચ પદ માટે દાવેદાર માનવામાં આવે છે, પરંતુ સરકાર ટકશે કે વિપક્ષ સત્તા ઉપર આવશે, તેના વિશે અટકળો પ્રવર્તી રહી છે. થોડા સમય પહેલા જ લંડનની સાંસદમાં એક સાંસદે ટ્રમ્પને આંતરરાષ્ટ્રીય ગેંગસ્ટર કહ્યા હતાં. ટ્રમ્પે અમેરિકામાં જે કરવું હોય તે કરે, નબળા દેશો સાથે જે કરવું હોય તે કરે પરંતુ ભારતની નિતીઓમાં દખલ અંદાજી બંધ કરી દેવી જોઇએ. ભારતે વિવાદ નથી કરવો એટલા માટે તે શાંત છે તેને ટ્રમ્પે નબળાઇ સમજીવી નહીં જોઇએ નહીં તો આ ભૂલ તેમને પણ ભારે પડી શકે તેમ છે.

## જીવો કે મરો

એક જ્ઞાની સંત રાજ દરબારમાં આવ્યા, તે સમયે રાજાના દરબારમાં રાજા, દરબારીઓ, એક પરમ ભક્ત અને એક કસાઈ ઉપસ્થિત હતા. બરાબર એ જ ક્ષણે દેવર્ષિ નારદ પણ રાજાના દરબારમાં પધાર્યા. બધાએ દેવર્ષિ નારદને પ્રણામ કર્યા. દેવર્ષિ નારદે જ્ઞાની સંતને વંદન કર્યા અને જ્ઞાની સંતને કંઈક જ્ઞાનભર્યા શબ્દોનો ઉપદેશ આપવા વિનંતી કરી.

પરમ જ્ઞાની સંત ઉપદેશ આપી રહ્યા હતા ત્યાં અચાનક સંતશ્રીને છીંક આવી. નારદજી બોલ્યા, ''મૃત્યુ ભવઃ ... અર્થાત્ જલ્દી મૃત્યુ આવે!!'' આ સાંભળી રાજા તથા દરબારમાં ઉપસ્થિત બધા ચકિત થઈ ગયા. થોડી વાર થઈ ત્યાં રાજાને છીંક આવી. નારદજીએ કહ્યું, '' ચિરંજીવ ભવઃ ... અર્થાત્ લાંબુ જીવો.'' નારદજીએ પોતાને આમ કહ્યું તેથી રાજાને વધુ નવાઈ લાગી. રાજા કંઈક બોલવા કે પૂછવા જાય ત્યાં તો ભક્તને છીંક આવી અને નારદજી તુરંત બોલ્યા, ''જીવન એવમ્ મૃત્યુ ભવઃ અર્થાત જીવો કે મરો.'' ત્યાર બાદ તુરંત કસાઈને પણ છીંક આવી. નારદજી બોલ્યા, ''ના જીવન ના મૃત્યુઃ અર્થાત્ ન જીવો કે ન મરો.'' આમ દરબારમાં લગભગ સાથે ચાર વ્યક્તિઓને

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

છીંક આવી અને નારદજીએ બધા માટે અલગ અલગ આશિષ આપ્યા. આવું શા માટે રાજાને કંઈ સમજાયું નહિ. નારદજીએ થોડી વારમાં સંતને વંદન કરીને વિદાય લીધી. નારદજીના ગયા પછી જ્ઞાની સંતશ્રીને રાજાએ પૂછ્યું , ''બાપજી, દેવર્ષિના શબ્દો પાછળનું રહસ્ય શું છે?'' સંતશ્રીએ સમજાવ્યું, '' રાજન, તેમણે બરાબર કહ્યું, મને છીંક આવી ત્યારે કહ્યું જલ્દી મરો કારણ આ શરીરમાંથી મુક્તિ મને મૃત્યુ બાદ જ મળી શકે અને પછી મને પરમ મુક્તિ એટલે કે મોક્ષ મળશે.'' રાજાએ કહ્યું, '' તો પછી મને ચિરંજીવી રહેવાનો આશીર્વાદ કેમ આપ્યો? સંતશ્રીએ કહ્યું, ''આપ રાજા છો, સદા પ્રજા સેવાપાલનનાં કાર્યો કરો છો, આપના જીવનમાં સમૃદ્ધિ અને સુખ ભોગવવાનું લખ્યું છે એટલે પ્રજા સેવાના કાર્ય કરતા રહો અને સમૃદ્ધિ માણો એટલે જેટલું જીવવું હોય તેટલું જીવી લો. ભક્તને જીવો અને મરો કહ્યું કારણ કે ભક્ત જીવશે તો પ્રભુનામ લેશે અને મરશે તો પ્રભુધામ જશે એટલે તેને જીવો કે મરો કહ્યું અને કસાઈ જીવશે તો પાપકર્મ કરશે અને મરશે તો નરકમાં જશે તેથી તેને ન જીવો ન મરો ના આશીર્વાદ આપ્યા. આ ચાર આશિષ સમાજના સમસ્ત પ્રાણીઓના પ્રતિનિધિને મળ્યા જે બધાને પોતાના કર્મ અનુસાર લાગુ પડે છે માટે હંમેશા જાગૃત રહીને કર્મ કરો.''સંતે નારદજીના આશિષ પાછળનું રહસ્ય રાજાને સમજાવ્યું.

# ડોનાલ્ડ ટ્રમ્પનો દીકરો અમેરિકન સૈન્યમાં નહીં જોડાય. કારણ? ઊંચાઈ વધારે છે

**વર્લ્ડ વૉચ**
**ડૉ. જયનારાયણ વ્યાસ**

અમેરિકામાં સૈન્ય સેવા સાથે જોડાયેલા નિયમો વિશે વાત કરીએ તો, હાલમાં અમેરિકામાં કોઈ કમ્પલ્સરી મિલિટરી સર્વિસ નથી. ૧૯૭૩ પછીથી ફરજિયાત ભરતી (ડ્રાફ્ટ) બંધ કરી દેવામાં આવી છે અને સૈન્યમાં જોડાવું સ્વૈચ્છિક છે. જો કે, કાયદા અનુસાર, લગભગ તમામ પુરુષ અમેરિકન નાગરિકો અને ૧૮થી ૨૫ વર્ષની વયના પુરુષ ઈમિગ્રન્ટ્સને સિલેક્ટિવ સર્વિસ સિસ્ટમમાં રજિસ્ટર કરાવવું ફરજિયાત છે. આ રજિસ્ટ્રેશન ૧૮ વર્ષના થતાં જ ૩૦ દિવસની અંદર કરાવવું પડે છે અને તેનું મુખ્ય કારણ એ છે કે જો ક્યારેય રાષ્ટ્રીય કટોકટી કે યુદ્ધની સ્થિતિમાં ડ્રાફ્ટની જરૂર પડે તો સરકાર પાસે યુવાનોની માહિતી તૈયાર હોય. આ રજિસ્ટ્રેશનનો અર્થ સૈન્યમાં જોડાવું એવો નથી, પરંતુ તે કરવું કાયદાકીય રીતે જરૂરી છે. જો કોઈ પુરુષ આ ન કરે તો તેને દંડ, જેલ અથવા સરકારી નોકરીઓ અને આર્થિક સહાય જેવા લાભોમાંથી વંચિત રાખી શકાય છે.

તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર બેરોન ટ્રમ્પના સૈન્યમાં ન જોડાવા અંગે વિવાદ જાગ્યો છે. બેરોનનો જન્મ ૨૦૦૬માં થયો હતો, તેથી ૨૦૨૬માં તે લગભગ ૨૦ વર્ષનો છે. તાજેતરમાં, ઈરાન સાથેના તણાવ અને અમેરિકા-ઇઝરાઈલના હુમલાઓને કારણે સોશ્યલ મીડિયા પર 'SendBarron' જેવા ટ્રેન્ડ્સ ચાલ્યા છે, જેમાં લોકો વ્યંગમાં કહે છે કે ટ્રમ્પના પુત્રને સૈન્યમાં મોકલવો જોઈએ. એક વાયરલ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે વ્હાઈટ હાઉસે કહ્યું છે કે બેરોન 6'9" ઊંચો છે તેથી તેને સૈન્ય સેવામાંથી મુક્તિ મળે છે, પરંતુ આ તદ્દન ખોટું અને વ્યંગાત્મક છે, વ્હાઈટ હાઉસે કોઈ

> **હાલમાં અમેરિકામાં કોઈ કમ્પલ્સરી મિલિટરી સર્વિસ નથી. ૧૯૭૩ પછીથી ફરજિયાત ભરતી (ડ્રાફ્ટ) બંધ કરી દેવામાં આવી છે અને સૈન્યમાં જોડાવું સ્વૈચ્છિક છે. જો કે, કાયદા અનુસાર, લગભગ તમામ પુરુષ અમેરિકન નાગરિકો અને ૧૮થી ૨૫ વર્ષની વયના પુરુષ ઈમિગ્રન્ટ્સને સિલેક્ટિવ સર્વિસ સિસ્ટમમાં રજિસ્ટર કરાવવું ફરજિયાત છે**

આવું નિવેદન આપ્યું નથી.

આ વિવાદનું મુખ્ય કારણ બેરોનની ઊંચાઈ છે. તેની ઊંચાઈ 6'7થી 6'9 વચ્ચે હોવાનું કહેવાય છે અને અમેરિકન આર્મીમાં પુરુષો માટે મહત્તમ ઊંચાઈની મર્યાદા 6'8 (80 ઇંચ) છે. આનાથી વધુ ઊંચાઈવાળા વ્યક્તિઓને સામાન્ય રીતે ભરતીમાં અયોગ્ય ગણવામાં આવે છે, કારણ કે તેઓને ટેન્ક, વિમાન અથવા અન્ય સીમિત જગ્યાઓમાં કામ કરવામાં મુશ્કેલી પડી શકે છે. આ વિવાદમાં બેરોનના પરિવારના ઈતિહાસનો પણ ઉલ્લેખ થાય છે, કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પને પોતાને બોન સ્પર્સ (હાડકાની સમસ્યા)ને કારણે વિયેતનામ વોરના ડ્રાફ્ટમાંથી મુક્તિ મળી હતી. ડેવિડ રોબિન્સન, જેને 'ધ એડમિરલ' તરીકે ઓળખવામાં આવે છે, તેની ઊંચાઈ 7'1 (લગભગ 216 સેમી) હતી. તે અમેરિકન નેવલ એકેડમીમાં અભ્યાસ કરતો હતો અને તેની કારકિર્દી દરમિયાન તેની ઊંચાઈમાં વધારો થયો હતો. શરૂઆતમાં તે 6'7 હતો, પરંતુ ગ્રેજ્યુએશન વખતે તે 7'0 અથવા 7'1 થઈ ગયો હતો. પણ ડેવિડ રોબિન્સનને તેની અસાધારણ ઊંચાઈને કારણે મુક્તિ મળી નહોતી; પરંતુ તેને તો સુપરિન્ટેન્ડન્ટ તરફથી વેઈવર્સ મળ્યા હતા જેથી તે સૈન્યમાં સેવા આપી શકે. પછી તેની ઊંચાઈ વધીને 7'1" થઈ ગઈ, જેના કારણે તેને નેવીના જહાજો પર સેવા આપવામાં મુશ્કેલી પડી શકે તેમ હતી. તેથી, તેને સ્ટાફ ઓફિસર તરીકે સિવિલ એન્જિનિયર કોર્પ્સમાં કમિશન આપવામાં આવ્યું અને તેણે બે વર્ષની સેવા પૂરી કરી. તે પછી જ તે એનબીએમાં ગયો. આ કેસ દર્શાવે છે કે ઊંચાઈને કારણે મુક્તિને બદલે અપવાદો આપીને સેવા કરવાની મંજૂરી મળી શકે છે. સારાંશમાં, અમેરિકામાં સૈન્ય સેવા ફરજિયાત નથી, પરંતુ રજિસ્ટ્રેશન જરૂરી છે. બેરોન અંગેનો વિવાદ મુખ્યત્વે વાયરલ મીમ્સ છે અને તેની ઊંચાઈને કારણે તેને મેડિકલ એક્ઝેમ્પ્શન મળી શકે, પરંતુ વેઈવર્સ પણ શક્ય છે, જેમ કે ડેવિડ રોબિન્સનના કેસમાં થયું હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# નીતિશની વિદાય, નિશાંતનું આગમન ચૂંટણી પહેલા પરિણામો આવ્યાં

**યે મેરા ઈન્ડિયા**
**વિનોદ પંડ્યા**

વરસ 2014ની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકસભા માટેની પ્રથમ ચૂંટણી હતી. એ વખતે નીતિશકુમાર પણ વડાપ્રધાનપદ માટે જદયુના એક લાયક ઉમેદવાર ગણાતા હતા, પરંતુ નરેન્દ્ર મોદી જેટલા બળવાન ન હતા. તો પણ હુંસાતુંસીને પરિણામે બંને વચ્ચે એવા આક્ષેપો અને પ્રતિ-આક્ષેપો થયા હતા કે લાગે કે હવે બંને જિંદગીમાં એકમેકની સામે પણ નહીં જુએ. પરંતુ રાજકારણ જેનું નામ. જેમાં ગરજ પડે તો ગધેડાને માત્ર બાપ જ નહીં, પરંતુ પરમ આદરણીય પિતા તરીકે સંબોધવો એ રાજકીય પરંપરાનું નિર્વહન, રાજકીય કુનેહ ગણવામાં આવે છે અને દરેક રાજકારણી તેનું પાલન કરે છે. નીતિશ મૂળ તો એનડીએના સાથે સમતા પક્ષના અગ્રણી નેતા. પછી જદયુ રચાયો. સંસદમાં પણ હતા. બીજાઓની સરખામણીમાં નીતિઓ અને મૂલ્યોમાં થોડું વધારે માનતા હતા. કાળક્રમે એ બધું ઘસાતું ચાલ્યું. ભ્રષ્ટાચાર શિરોમણી લાલુ પ્રસાદ યાદવના રાજદ સાથે હાથ મીલાવ્યા અને બિહારના મુખ્યમંત્રી બની રહ્યા. વચ્ચે જીતેનરામ માંજીને પાદૂકા સોંપવી પડી હતી અને તેજસ્વીને નાયબ મુખ્યમંત્રી તરીકે સ્વીકારવો પડયો હતો. કુલ મળીને બાર વરસના ગાળામાં આજે એવી સ્થિતિ બની છે કે નીતિશકુમાર ભાજપના અને નરેન્દ્ર મોદીના બિલકુલ કહયાગરા બની ગયા છે.

આ પણ રાજકીય કુનેહ જ હોઈ શકે છે. હવે 75 વરસના થઈ ચૂકેલા નીતિશની અગાઉ એક છાપ હતી કે એ સગાવાદમાં માનતા નથી. એક બે વખત એમણે એવી છાપ પણ છોડી હતી જેમાં લાગે છે કે હવે એમની દિમાગની ફેકલ્ટીઓ જર્જરિત બનવા લાગી છે. ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ. લોકસભાની છેલ્લી ચૂંટણીઓના પરિણામો વખતે એમણે નરેન્દ્ર મોદીને પાય લાગવાનો પ્રયત્ન કર્યો ત્યારે ઘણાનું કહેવું હતું કે લાલો લાભ વિના આખોટે નહીં. જો કે એ વખતે નીતિશની સ્થિતિ એવી હતી અને આજે પણ છે જેમાં એ ભાજપ પાસેથી ધાર્યું કરાવી શકયા હોત. પરંતુ એમણે ખાસ રોકડી નથી કરી તો પણ કરી જ છે જે હવે બહાર આવ્યું છે. આપણને લાગે કે આ બધું રાતોરાત થયું પરંતુ એવું હોતું નથી. ગયા નવેમ્બરમાં બિહાર વિધાનસભાની ચૂંટણી બાદ આ પટકથા લખાઈ ગઈ હશે. તેમાં ભાજપને 89 બેઠકો પર અને જદયુને 85 બેઠકો પર જીત મળી હતી. પરંતુ આ મુખ્ય કારણ નથી. એ વખતે પણ ભાજપે ધાર્યું હોત તો નીતિશની મદદ લીધા વગર અન્ય સાથી પક્ષોની મદદ વડે સરકાર રચી શકયો હોત અને ભાજપનો મુખ્યમંત્રી સત્તારૂઢ બની શકયો હોત. પરંતુ 85 બેઠકો કઈ નાનીસુની વાત નથી. રાજદ અને કોંગ્રેસની નાલેશીભરી હારથી નીતિશકુમાર પાસે ગઠબંધનના અન્ય વિકલ્પો બચ્યા ન હતા. ભાજપ ઈચ્છતો હતો કે નીતિશકુમાર સન્માનપૂર્વક મુખ્યમંત્રીપદેથી વિદાય લે. એ યોજના અને ઓફર અનુસાર એ રાજ્યસભામાં જઈ રહ્યા છે. સાંસદ બન્યા બાદ એમને કોઈ કેન્દ્રીય મંત્રાલય સોંપવામાં આવે તે શકયતા મોટી છે. એમની જગ્યાએ ભાજપના કોઈક મુખ્યમંત્રી પદે આવશે અને નિશાંતને ઉપમુખ્યમંત્રી પદ સોંપાશે. આ ડેવલપમેન્ટ બાદ નીતિશકુમાર સગવાદમાં માનતા નથી એવી જે છાપ છે તે હવાઈ જશે.

રાજ્યસભાની ચૂંટણીઓ 16 માર્ચના રોજ યોજાશે. રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ નીતિશ મુખ્યમંત્રીના હોદ્દાપરથી રાજીનામું આપશે. સમ્રાટ ચૌધરી ભાજપના મુખ્યમંત્રી બનશે એ વાત સર્વાધિક ચાલી રહી છે પણ સોગંદ લે પછી પાકું ગણાય. એવું વારંવાર બને છે જેમાં જેમનાંનામ ગાજવા લાગે છે તેઓ એ પદ પર પહોંચતા જ નથી. દેવેન્દ્ર ફડણવીસને બાદ કરતા લગભગ દરેક વખતે ઊલટફેર સર્જાયો છે. નીશાંતને ઉપમુખ્યમંત્રી બનાવાશે તો શક્ય છે

> **સમ્રાટ ચૌધરી ભાજપના મુખ્યમંત્રી બનશે એ વાત સર્વાધિક ચાલી રહી છે પણ સોગંદ લે પછી પાકું ગણાય. એવું વારંવાર બને છે જેમાં જેમનાંનામ ગાજવા લાગે છે તેઓ એ પદ પર પહોંચતા જ નથી**

કે 19 વિધાનસભ્યો ધરાવતા ચિરાગ પાસવાન પણ પોતાને ઉપમુખ્યમંત્રી બનાવવાની માગણી મૂકે.

વરસ 2026માં માર્ચમાં 37 અને જુનમાં 24 મળીને કુલ 61 સભ્યો રાજ્યસભામાંથી નિવૃત થવાના છે. રાજ્યસભાના કુલ સભ્યોની સંખ્યા 245 છે. નિવૃત થનારાઓમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, ભૂતપૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગોવડા, દિગ્વિજય સિંહ, શરદ પવાર, અભિષેક મનુ સિંઘવી વગેરે છે. આમાંના અમુક ફરી વખત ઉમેદવારી નોંધાવી શકે છે. વિધાનસભાઓમાં ભાજપની બોલબાલા છે તેથી ભાજપના વધુ સભ્યો ચૂંટાશે. આ ચૂંટણીઓમાં પણ બિહારની ચર્ચા વધુ થશે. કારણ કે ત્યાંથી ચૂંટાનારા ત્રણેક સભ્યો બિહારમાં જ નહીં બહારના રાજ્યમાં પણ એમની ચૂંટણી સમાચાર બનશે. તેમાંના એક મહારાષ્ટ્રના વિનોદ તાવડે હશે. ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીનને પણ 2014 બાદ શરૂ થયેલી પ્રણાલિ મુજબ રાજ્યસભામાં ચૂંટણીને મોકલવામાં આવશે. સમ્રાટ ચૌધરી હાલમાં બિહારના ઉપ મુખ્યમંત્રી છે. એમના નામ આગળનું ઉપ વિશેષણ દૂર થશે કે કેમ તે ચૂંટણી પછી જાણી શકાશે અને એ રીતે રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બનશે. આ વખતે ઉમેદવારો નક્કી કરવા બાબતે ભાજપ જાતીય સંતુલન, ભાજપ અને સંઘ પ્રત્યેની નિષ્ઠા વગેરે મુદ્દા ધ્યાનમાં રાખે છે. ઉપરાંત એવી નવી પેઢીના નેતાઓ પસંદ કરે છે જે વરસો સુધી નિષ્ઠાપૂર્વક પક્ષને સેવા આપી શકે. એક ગણતરી પ્રમાણે આ વરસની ચૂંટણીઓ બાદ રાજ્યસભામાં ભાજપના સભ્યોની સંખ્યા 125થી આગળ વધીને 130 સુધી પહોંચશે. કોંગ્રેસના ચાર રાજ્યસભા સાંસદો નિવૃત થશે અને પાંચ ચૂંટવાની ઈચ્છા છે. ખડગે અને સિંઘવી ફરી ચૂંટાશે. મમતા બેનરજીના તૃણમૂલના સભ્યોની સંખ્યા 13 પરથી વધીને 17ની થશે. કર્ણાટક અને તેલંગણામાંથી કોંગ્રેસ કોઈ પ્રભાવી નેતાની અને શકયતઃ કોઈ મહિલા નેતાની પસંદગી કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દીકરા સાથે દીકરીએ પણ કમાવું એટલું જ ફરજિયાત

હમણાં થોડા સમય પહેલાં એક ચર્ચાપત્રમાં વહુને પણ દીકરો અને દીકરી જેટલું જ મહત્ત્વ આપવું જોઈએ તે વાંચ્યું અને તે વાત ૧૦૦% સાચી છે પણ હું વાત કરું દીકરાના મહત્ત્વની તો આ બાબતે હું તેમના મત સાથે થોડી અસહમત છું કારણ કે, તેમના કહેવા પ્રમાણે દીકરીની ઉપમાની અતિશયોક્તિ થઈ છે, પરંતુ જ્યારે દીકરીની જગ્યા પર દીકરાના ઉપમાની અતિશયોક્તિ થતી હતી ત્યારે શા માટે એવું ન લાગ્યું કે દીકરાના ઉપમાની અતિશયોક્તિ થાય છે. સાચી વાત કહું તો આ દુનિયામાં ક્યારેય પણ દીકરાનું મહત્ત્વ ઓછું થયું નથી અને ઓછું થવાનું પણ નથી કારણ કે, લોકો બતાવતા નથી હોતા એનો મતલબ એવો નથી કે દીકરાનું મહત્ત્વ ઓછું થઈ ગયું છે. હજુ પણ જ્યારે કોઈ બાળકનો જન્મ થવાનો હોય છે ત્યારે સૌ પ્રથમ લોકો દીકરાની જ આશા રાખે છે. ઘણાં ઓછાં પરિવારો પહેલી દીકરીની આશા રાખે છે અને ઘણાં પરિવારોમાં દીકરાના પ્રથમ જન્મ પછી બીજું બાળક પણ કરતા નથી કારણ કે તેઓને ફક્ત દીકરો જ જોઈતો હોય છે. હાલના સમયમાં સ્ટ્રગલ ફક્ત દીકરો જ નથી કરતો પરંતુ દીકરીએ પણ સમાન જ સ્ટ્રગલ કરવાની હોય છે. એટલે વાત કરું કે દીકરાએ કમાવું ફરજિયાત છે? તો ના, દીકરા સાથે દીકરીએ પણ કમાવું એટલું જ ફરજિયાત છે. જો લોકો એવું માનતા હોય કે દીકરો હોય તો જ ઘર ચાલી શકે કારણ કે તે કમાય છે તો જે વ્યક્તિના ઘરે ૧-૨ દીકરી હોય તો શું તે પરિવાર ચાલતું નથી? તે પરિવાર પણ ચાલે છે કારણ કે તે પરિવારમાં દીકરી પણ દીકરા જેટલું જ સમાન કમાય છે અને તેના માટે પણ કમાવું તેટલું જ જરૂરી છે જેટલું દીકરા માટે છે, તો દીકરાએ કમાવું ફરજિયાત છે તે વાક્ય સાથે હું સહમત નથી. એટલે દીકરો અને દીકરી બંને સમાન જ છે પણ કોણ બંનેને સમાન ગણે છે તે મહત્ત્વની વાત છે.

**સુરત - નિશી કલ્પેશ ગાંધી**

## મહિલાઓની હાલતમાં ક્યારે સુધારો આવશે ખરો?

આજે વાસ્તવિક રીતે જોઈએ તો આપણે મહિલા સશક્તિકરણ વાતો બહુ કરીએ છે પણ આજે એકવીસમી સદીના ૨૬ માં વરસે પણ મહિલાઓની હાલતમાં નોંધપાત્ર સુધારો આવ્યો નથી. મહિલા હોવું એટલે બસ ૨૪/૭ ઘર સંભાળવું. રસોઈ કરવી. ઝાડું પોતા કરવા સાફ સફાઈ કરવી ઘર ચોખ્ખું ચણાક રાખવું. વડીલ સાસુ સસરાની રાત દિવસ સેવા ચાકરી કરવી. પતિની બધી સગવડો સાચવવી પતિને બધું એક સેકંડની પણ રાહ જોયા વગર તૈયાર આપવું પતિની ગાળો સાંભળવી પતિને માર ખાવો પતિના સાસુના નણંદના મહેણાટોણા સાભળવા.

ચુપચાપ નીચી મુંડીએ ૨૪/૭ બધાનું સાંભળી મશીનની માફક કામ કર્યા કરવું પરિવારના બધા સભ્યો જમી લે પછી વધ્યું ઘટ્યું ખાવું સવારે મળસ્કે ઉઠી મોડી રાતે માંડ માંડ પથારી ભેગા થવું.આપણ આપણી ઘરની મહિલાઓ પડોશી મહિલાઓ કે સોસાયટી કે શેરી મોહલ્લાની મહિલાઓ પ્રત્યે આદર સન્માનનો ભાવ ખરો? આપણી સૌથી મોટી કમનસીબી એ છે કે મહિલાઓને હમેશા પુરુષો કરતા ઉતરતી જ ગણવામાં આવે છે.

મહિલાઓના શોખ કલા કલા કૌશલ્યની આપણે કદર કરતા નથી. એને સમજતા જ નથી. પોતાની આગવી ઓળખ ઊભી કરે પોતાનું નામ રોશન કરે એવી તકો પુરી પાડતા જ નથી. મહિલાઓએ પોતે જાગૃત થવું પડશે અન્યાય શોષણ સામે અવાજ ઉઠાવવો પડશે પોતે ધારે તે કરી શકે છે એવો આત્મવિશ્વાસ કેળવવો પડશે પોતે જ સંગઠિત થઈ આગળ વધવુ પડશે. સાંપ્રત પ્રવાહોથી માહિતગાર રહેવું પડશે નવું નવું શીખવું અને જાણવું પઢશે.

**સુરત - અબ્બાસભાઈ કૌંકાવાલા**

## સર્જનહાર

સર્જનમાં શક્તિ એટલે તાકાત, બળ, મધરગોડ, બ્રહ્મા, દેવી, માતા. "મારું, તમારું અને સૌનું અસ્તિત્વ એટલે સ્ત્રી-નારી-માતા. સ્ત્રી એટલે લક્ષ્મી અને સરસ્વતી. જે જગતનો આધાર છે. નારી-સ્ત્રી છે તો સૌંદર્ય, પ્રેમ, કરુણા, શ્રદ્ધા છે, ત્યાગ છે એની સૌથી મહત્વની સર્જનની પ્રક્રિયા છે. જીવન સર્જનનું પ્રતીક છે. માનવ જાતિના જન્મ, ઘડતર, વિકાસ માટે સ્ત્રી ઉપર જ પસંદગી ઉતારેલી છે. સ્ત્રી એટલે શક્તિ પણ જો સર્જક ન હોય તો સર્જન કેવી રીતે શકય બને. સૌ કહે કે દીકરી વ્હાલનો દરિયો, પછી જન્મતા પહેલાં જ મોત શા માટે? એ પિતાને શું કહીશું? સંસાર રથના બે પૈડાનું શું થશે? સંસાર કઈ રીતે ચાલશે? સ્ત્રીનો જન્મ જોખમમાં હોય તો પછી સર્જન અટકી જશે. અલબત, સ્ત્રી સન્માન-આદર આઠમી માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મોટી મોટી વાતો થાય છે. ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે જ્યાં સ્ત્રીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ પણ રમણ કરે છે. પ્રસન્ન થાય છે. ભારતમાં નારીનું અપમાન કેમ? સન્માન કેટલું? કરોડો બાળકીની હત્યા શા માટે? કુરિવાજોથી છુટકારો છે ખરો? કહેવાતા સુધરેલા સમાજમાં વિચારોમા પરિવાર આવે, સ્ત્રીના ગૌરવનું અપમાન કરનાર શબ્દો, વાક્યો, કહેવતો દૂર થાય તો મહિલા દિનની ઉજવણી થશે. આજ એક પ્રશ્ન છે, મહિલાદિનની સાચી ઉજવણી કરીએ છે ખરાં?

**નવસારી - કિશોર આર.ટંડેલ**

## નકારાત્મકતાના નગારાં વચ્ચે હકારાત્મકતાનો હાશકારો

આપણો વર્તમાન સમય જાણે નકારાત્મકતાના ઘેરાં વાદળો વચ્ચે ઘેરાયેલો હોય તેવું લાગે છે. રોજિંદા સમાચારપત્રો કે સોશિયલ મીડિયા પર નજર નાખતા જ ચોરી, લૂંટફાટ કે માનવતાને લજવતાં કિસ્સાઓ આપણી સામે આવતા રહે છે, જેને જોઈને આપણો આક્રોશ ઠાલવવો ખૂબ જ સહજ બની ગયો છે. પરંતુ, શું આપણે ક્યારેય એ નોંધ્યું છે કે આ જ સમાજમાં અંધકારની વચ્ચે પણ માનવતાના કેટલાક દીવાઓ અવિરત પ્રજ્વલિત છે? તાજેતરમાં સુરતના અડાજણ વિસ્તારના ૯૦ વર્ષીય વૃધ્ધાનું ઉદાહરણ આપણા સૌ માટે એક આશાનું કિરણ લઈને આવ્યું છે. તેમણે તો ૨૦ વર્ષ પૂર્વે જ પોતાના દેહદાન અને ચક્ષુદાનનો સંકલ્પ કરી રાખ્યો હતો. જ્યારે તેમનું અવસાન થયું, ત્યારે તેમના પરિવારે આ ઉમદા ઈચ્છાને માન આપીને સમાજને એક નવી રાહ ચીંધી છે. આવી જ રીતે અન્ય એક તેજસ્વી ગ્રેજ્યુએટ દીકરી, જેણે યુ.પી.એસ.સી. પરીક્ષા પાસ કરીને દેશસેવા કરવાનું સ્વપ્ન સેવ્યું હતું, તેના અકાળે અવસાન બાદ તેના અંગોના દાનથી પાંચ વ્યક્તિઓને નવું જીવન મળ્યું, જે દીકરી કલેક્ટર બનીને જીવતે જીવ સમાજની સેવા કરવા માંગતી હતી એ દીકરીના અવસાન બાદ તેના અંગો દ્વારા અન્યના જીવન બચાવીને અમર થઈ ગઈ.આવી ઘટનાઓ વિશે વાંચીને, પણ હ્રદયમાં એક 'હાશકારો' અનુભવવો અને ગર્વની અભિવ્યક્તિ કરવી પણ એટલી જ જરૂરી છે. સમાજમાં હજુ પણ એવા અગણિત માનવીઓ છે જેઓ નિઃસ્વાર્થ ભાવે બીજાના જીવનમાં અજવાળું પાથરવા માટે કાર્યરત છે. જો આપણે આવા કાર્યોને બિરદાવીશું, તો જ આવનારી પેઢીને સેવા અને સમર્પણના સાચા પાઠ ભણવા મળશે.

**સુરત - ચારુલતા અનાજવાળા**

## અમેરિકાના પ્રતિબંધની અસર

અમેરિકાના પ્રતિબંધની અસર એટલી વ્યાપક છે કે ભારતે પણ અમેરિકા ની 30 દિવસની છૂટ આપ્યા પછીજ રશિયા પાસેથી ક્રૂડ ખરીદવું પડે તે વિશ્વ ગુરુ બનવા જઈ રહેલા ભારત દેશની લાચારી કહો કે અમેરિકા નો ડર! હવે ચીજ વસ્તુઓ આયાત કરવા માટે પણ કોઈની મંજૂરી લેવી પડે તે આપની મજબૂતી નથી પરંતુ મજબૂરી સ્પષ્ટ દેખાઈ આવે છે ડોનાલ્ડ ટ્રમ્પ કોઈક મુદ્દે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બ્લેકમેઈલ કરે છે તેવું હવે વારંવાર વાંચવા સાંભળવામાં આવે છે જો એવું હોય તો તે ભારત દેશની સુરક્ષા પ્રગતિના હિતમાં નથી કોઈ દેશથી ડરીને રહેવું એ આપણી સભ્યતામાં નથી અને ભારત દેશના નાગરિકો નરેન્દ્ર મોદીની સાથે છે જે હોય તે વાતનો ખુલાસો કરવો દેશ હિત માટે જરૂરી છે

**સુરત - વિજય તુઈવાલા**